NAVSARI AGRICULTURAL UNIVERSITY

નિયામક વિદ્યાર્થી કલ્યાણની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી-૩૯૬૪૫૦

ડૉ. આર. એમ. નાયક ૯૯૭૯૮૮૮૯૬૨
નિયામક Web : www.nau.in Email :dswnavsari@nau.in

વંચાણે : ૧. રજીસ્ટ્રારશ્રી, નકૃયુ/ નવસારીના પરિપત્ર નં.નકૃયુ/રજી/પરીક્ષા/ટે-૫/૨૨૫-૨૪૩/૨૦૨૧, તા. ૦૮/૦૧/૨૦૨૧

૨. અત્રેની કચેરીના જા.નં.નકૃયુ/ નિવિક/ટે-૧/૨૨૭૭-૮૨/૨૦૨૦, તા.૨૧/૧૧/૨૦૨૦

# પરિપત્ર

કોરોના (COVID-19) ની વૈશ્વિક મહામારીને કારણે ઉદભવેલ પરિસ્થિતિ અંતર્ગત પોસ્ટ લોકડાઉનમાં તા.૧૧/૦૧/૨૦૨૧ થી યુનિવર્સિટી/કોલેજ પુન: શરૂ કરવા અન્વયે જણાવવાનું કે યુનિવર્સિટી/કોલેજમાં છેલ્લા વર્ષના ડીપ્લોમા/સ્નાતક/ અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને ઉપરોક્ત વંચાણે લીધેલ પરિપત્ર નં.૧ માં દર્શાવેલ SOP મુજબ, જ્યારે પરિપત્ર નં.૨ માં જણાવ્યાનુસારના મુદ્દા નં. ૧ થી ૬ મુજબની કાર્યવાહી હાથ ધરી વિદ્યાર્થીઓને કોલેજના શૈક્ષણિક કાર્યમાં તેમજ હોસ્ટેલમાં રહેવાની સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે.

સદરહુ પરિપત્ર માન.કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની આજ્ઞાનુસાર યુનિવર્સિટીના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં.નકૃયુ/નિવિક/ટે-૧/ ૮૫-૮૯ /૨૦૨૧
તા.૧૧/૦૧/૨૦૨૧

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ

<u>નકલ સવિનય રવાના:</u>

૧. માન કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.
૨. સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.
૩. કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.

<u>ઇ-નકલ રવાના :</u>

૧. નવસારી કૃષિ યુનિવર્સિટીની તમામ મહાવિદ્યાલયોના આચાર્યશ્રીઓ
૨. ગૃહપતિશ્રીઓ મારફતઃ જે તે મહાવિદ્યાલયના આચાર્યશ્રીઓ, નકૃયુ, નવસારી

# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

જા.નં.નકૃયુ/રજી/પરીક્ષા/ટે.પ/૨૨૫ -૨૪૩/૨૦૨૧ તા. ०८ /૧/૨૦૨૧

**<u>નકલ રવાના જાણ તથા ઘટતું થવા સારૂ:</u>**

૧ સંશોધન નિયામકશ્રી અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૨ નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૩ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૪ તમામ મહાવિદ્યાલયનાં ડીનશ્રી / આચાર્યશ્રીઓ
૫ તમામ પોલીટેકનીકનાં આચાર્યશ્રીઓ

/–સામેલ પત્રની વિગતે સદર બાબતે જરૂરી કાર્યવાહી આપની કક્ષાએથી કરવાની રહેતી હોય જરૂરી ઘટતી કાર્યવાહી કરવા વિનંતી.

કુલસચિવ

કોરોના (Covid-19)ની વૈશ્વિક મહામારીને કારણે ઉદભવેલ પરિસ્થિતિ અંતર્ગત પોસ્ટ લોકડાઉનમાં યુનિવર્સિટીઓ/કોલેજો રી-ઓપન કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા:૦૭/૦૧/૨૦૨૧

વંચાણે લીધા :

(૧) UGCના તા:૦૫/૧૧/૨૦૨૦ના પત્રાંક: D.O.૧૪-૮/૨૦૨૦/(CPP-II)થી બહાર પાડેલ માર્ગદર્શિકા

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૩/૧૧/૨૦૨૦નો સમાનાંકી ઠરાવ.

(૩) શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૧/૨૦૨૦ના સમાનાંકી ઠરાવ.

આમુખ:

રાજ્યમાં નોવેલ કોરોના વાઇરસના સંક્રમણને લીધે ઉદભવેલ પરિસ્થિતિમાં શિક્ષણ વિભાગ હેઠળની સર્વે યુનિવર્સિટીઓ/કોલેજો માટે વખતો વખત માર્ગદર્શક સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવી છે.

વંચાણે લીધેલ ક્રમ (૧)માં દર્શિત પત્રથી UGC દ્વારા પોસ્ટ લોકડાઉનમાં યુનિવર્સિટીઓ/કોલેજોને રી-ઓપન કરવા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ છે તથા વંચાણે લીધેલ ક્રમ (૨)માં દર્શાવેલ ઠરાવથી રાજ્યની યુનિવર્સિટીઓ/કોલેજો તા.૨૩/૧૧/૨૦૨૦થી પુન: શરૂ કરવા ઠરાવેલ. પરંતુ જે –તે સમયે કોરોના મહામારીને કારણે ઉદભવેલ પરિસ્થિતિને ધ્યાને રાખી વંચાણે લીધેલ ક્રમ (૩)માં દર્શાવેલ ઠરાવથી રાજ્યની યુનિવર્સિટીઓ/કોલેજો તા.૨૩/૧૧/૨૦૨૦થી પુન: શરૂ કરવાનો નિર્ણય સ્થગિત રાખવામાં આવેલ હતો.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે આથી સરકારશ્રી દ્વારા યુનિવર્સિટીઓ/કોલેજોને તા:૧૧/૦૧/૨૦૨૧થી રી-ઓપન કરવાનું ઠરાવવામાં આવે છે.

યુનિવર્સિટીઓ/કોલેજોના શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ નીચે મુજબની SOPનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) તા. ૧૧-૦૧-૨૦૨૧થી તમામ કોલેજો તથા યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન(ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્ય ફરીથી શરૂ કરવામાં આવશે. ઓફ લાઇન (ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્યમાં હાજરી આપવી વિદ્યાર્થી માટે સ્વૈછિક રહેશે તથા તે માટે સંબંધિત સંસ્થાએ વિદ્યાર્થી/વાલી પાસેથી સંમતિપત્ર મેળવવાનું રહેશે. જે વિદ્યાર્થીઓ ક્લાસમાં ન જોડાય તેઓ માટે ઓન-લાઇન અભ્યાસની વ્યવસ્થા કરવાની રહેશે તથા પ્રથમ દિવસે વર્ગમાં આવનાર વિદ્યાર્થીઓનું સંસ્થા દ્વારા સ્વાગત કરવાનું રહેશે તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે સંસ્થા/કોલેજ તરફથી " Welcome – kit " આપવાની રહેશે. આ " Welcome – kit " માં કોરોના સામે રક્ષણ આપનાર માસ્ક, સેનેટાઇઝર વગેરે વસ્તુઓ રહેશે.

(૨) આ તમામ કાર્યવાહી યુ.જી.સી.ની તા.૦૫-૧૧-૨૦૨૦ની ગાઈડલાઈનને અનુસરીને ચાલુ કરવામાં આવશે.

(૩) પ્રથમ તબક્કામાં તમામ પી.જી., પીએચ.ડી., એમ.ફિલ., વગેરે અભ્યાસક્રમો, મેડીકલ/પેરામેડીકલના તમામ તથા અન્ય સ્નાતક અભ્યાસક્રમ (ટેકનિકલ તથા નોન ટેકનિકલ તમામ)ના ફક્ત ફાઈનલ ઈયર(આખરી વર્ષ)ના તમામ વિદ્યાર્થીઓને ભૌતિક રીતે શિક્ષણ આપવામાં આવશે. અન્ય વર્ગોમાં ઓન-લાઇન અભ્યાસ ચાલું રહેશે.

(૪) વિદ્યાર્થીઓની સંખ્યા તથા વિષયની જરૂરિયાત તેમજ જટિલતા ધ્યાને લઈને તે પ્રમાણે વર્ગ સંખ્યા ગોઠવવાની રહેશે જેથી બે વિદ્યાર્થીઓ વચ્ચે યુ.જી.સી.ની માર્ગદર્શિકા પ્રમાણે સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તે માટે ૫૦% - ૫૦% ના બે વર્ગ અથવા તો ૧/૩, ૧/૩, ૧/૩ના ત્રણ વર્ગો ગોઠવી શકાય. જો સમયાંતરે વિદ્યાર્થીઓને બોલાવવાના થાય તો જે વિદ્યાર્થીઓને બોલાવવામાં આવે તેઓને સતત ત્રણ દિવસ માટે બોલાવવામાં આવશે. ત્યારબાદ બાકીના દિવસોએ બીજા સમુહના વિદ્યાર્થીઓને બોલાવવામાં આવશે. વધુમાં, ક્યા વિષય/અભ્યાસક્રમ માટે ક્યા પ્રકારની વ્યવસ્થા ગોઠવવાની રહેશે તે અંગેનો નિર્ણય લેવા માટે કુલપતિશ્રી/પ્રિન્સિપાલ સક્ષમ રહેશે.

(૫) હોસ્ટેલ સુવિધા જો આપવામાં આવે તો હાલ એક રૂમમાં એક જ વિદ્યાર્થી રહી શકશે. હોસ્ટેલ માટેની માર્ગદર્શિકાનું સંપૂર્ણ રીતે પાલન કરવાનું રહેશે.

(૬) ફેસ માસ્ક ફરજિયાત રહેશે તથા હેન્ડ વોશિંગ, સેનિટાઈઝેશન પોઈન્ટ્સ પુરતી સંખ્યામાં રાખવાના રહેશે. વર્ગ ખંડો/છાત્રાલયોનું સમયાંતરે સેનિટાઈઝેશન કરવામાં આવશે અને સતત મોનિટરીંગ દ્વારા કોઈપણ સંક્રમિત અથવા લક્ષણ ધરાવતા વિદ્યાર્થી/શિક્ષક કેમ્પસમાં ના પ્રવેશે તેની કાળજી જે તે યુનિવર્સિટી/કોલેજના સંબંધિત સત્તાધિકારીઓએ લેવાની રહેશે તેમજ આ અંગેની બહાર પાડવામા આવેલ યુ.જી.સી.ની ગાઈડલાઈનનું ચૂસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૭) આ ગાઈડલાઈન શિક્ષણ વિભાગ હેઠળની તમામ સરકારી/ખાનગી યુનિવર્સિટીઓ તથા સરકારી તેમજ ખાનગી કોલેજોને લાગુ થશે.

વધુમાં, i-GOT પ્લેટફોર્મ પરના આરોગ્ય શિક્ષણના COVID-19 અંગેના અભ્યાસક્રમો કે જે ભારત સરકારશ્રીના DOPTએ તૈયાર કરેલ છે અને નિઃશુલ્ક છે, તે પણ કરવા ફેકલ્ટી મેમ્બર્સને અને વિદ્યાર્થીઓને સુચન કરવામાં આવે છે.

ઉપર્યુક્ત તમામ માર્ગદર્શક સુચનાઓનું પાલન જે - તે સંસ્થાના વડા દ્વારા સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઇ વિદ્યાર્થીઓના હિતમાં સ્વવિવેક અનુસાર કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રોનક મહેતા

(રોનક મહેતા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર મારફત)
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (આ.પ.ક.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- વાઈસ ચાન્સેલરશ્રીઓ, તમામ સરકારી યુનિવર્સિટીઓ (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત/ઉચ્ચ શિક્ષણ ટેકનિકલની કચેરી મારફત).
- તમામ સરકારી/બિનસરકારી અનુદાનિત/ખાનગી કોલેજો અને ખાનગી યુનિવર્સિટીઓ (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી/ઉચ્ચ શિક્ષણ ટેકનિકલની કચેરી મારફત)
- સિલેક્ટ ફાઈલ

NAVSARI AGRICULTURAL UNIVERSITY

નિયામક વિદ્યાર્થી કલ્યાણની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી-૩૯૬૪૫૦

કોરોના ( Covid-19 ) ની વૈષ્વિક મહામારીને કારણે ઉદ્ભવેલ પરિસ્થિતિ અંતર્ગત પોસ્ટ લોકડાઉનમાં તા.૨૩.૧૧.૨૦૨૦થી યુનિવર્સીટી/કોલેજ પુન: શરૂ કરવા સબબ, તા.૧૨/૧૧/૨૦૨૦ના રોજ યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ:

ગુજરાત સરકારશ્રીના નિર્ણય અનુસાર તા. ૨૩ / ૧૧ / ૨૦૨૦ ના રોજ શાળા-કોલેજો ખોલવામાં આવનાર હતી તે બાબતે આગોતરુ આયોજન કરવાના ભાગરૂપે તા. ૧૨ / ૧૧ / ૨૦૨૦ના રોજ બપોરબાદ ૪:૦૦ કલાકે કુલપતિશ્રીની કચેરીસ્થિત કોન્ફરન્સ હોલ ખાતે, માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં નીચે દર્શાવ્યા મુજબના કર્મચારી ગણ હાજર રહેલ:

| ક્રમ | નામ અને હોદ્દો | કચેરી |
|---|---|---|
| ૧ | ડૉ. એસ. આર. ચૌધરી<br>સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ૨ | ડૉ. પી. કે. શ્રીવાસ્તવ, ડીનશ્રી અને આચાર્ય | અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય, નવસારી. |
| ૩ | ડૉ. સી.વી. સાવલીયા, નિયામકશ્રી | નિયામક વિદ્યાર્થી કલ્યાણની કચેરી, નવસારી |
| ૪ | ડૉ. રૂચિરા શુક્લા, ડીનશ્રી અને આચાર્ય | અસ્પી એગ્રીબિઝનેશ મેનેજમેન્ટ ઇન્સ્ટીટ્યુટ, નવસારી |
| ૫ | ડૉ. એમ. કે. એરવાડીયા, આચાર્યશ્રી | ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી. |
| ૬ | ડૉ. એમ. એ. કટારીયા, ઇ.ચા. આચાર્યશ્રી | પશુપાલન પોલીટેકનીક, નવસારી |
| ૭ | ડૉ. દેવરાજ, પ્રોફેસર એન્ડ હેડ, ગૃહપતિ | અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય, નવસારી. |
| ૮ | પ્રો. એ. એમ. પટેલ, મદદનીશ કુલસચિવ (એકડેમીક) | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ૯ | શ્રી. વી. જી. પટેલ, સિનિયર ક્લાર્ક | નિયામક વિદ્યાર્થી કલ્યાણની કચેરી, નવસારી |

ઉપરોક્ત બેઠકમાં નીચે મુજબના મુદ્દાઓ પર સવિસ્તાર ચર્ચા કર્યા બાદ, નિર્ણયો લઈ ભવિષ્યની તૈયારીઓ ના ભાગરૂપે અમલવારી નક્કી કરવામાં લેવામાં આવી:

મુદ્દા ક્રમાંક: ૧ વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે મહાવિદ્યાલયોમાં બોલાવવા અંગે....

અ) સરકારશ્રીની મહાવિદ્યાલયોમાં શૈક્ષણિક કાર્ય વ્યક્તિગત રીતે પુન: પ્રસ્થાપિત કરવાની માર્ગદર્શક સુચનાઓ મળ્યેથી, વિદ્યાર્થીઓને વ્યક્તિગત અને સ્વૈચ્છીક રીતે હાજર થવાનું રહેશે ત્યા સુધી ઓનલાઈન શૈક્ષણિક કાર્ય ચાલુ રહેશે.

તેથી કોઈપણ વિદ્યાર્થીઓએ બીજી સુચના ન મળે ત્યા સુધી મહાવિદ્યાલયમાં વ્યક્તિગત રીતે હાજર થવાનું નથી. જેથી કરીને કોરોના સંક્રમણના પ્રસારને નિયંત્રણમાં રાખી શકાય.

બ) વિદ્યાર્થીઓ વ્યક્તિગત રીતે સ્વૈચ્છીક હાજર થવા આવે ત્યારે અને પછીથી સમયાંતરે તેમનું થર્મલ ગનથી કપાળનું તાપમાન માપવા માટે મહાવિદ્યાલય તેમજ છાત્રાલયોમાં જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે. આ દરમ્યાન શંકાશીલ જણાતા વિદ્યાર્થીઓની જાણ સંબંધિત કચેરીને કરી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

ક) વિદ્યાર્થીઓ નિયમિત રીતે ફેસ માસ્કનો ઉપયોગ કરે. બે વ્યક્તિ વચ્ચે બે ગજનું અંતર રાખીને વ્યવહાર કરે, ટોળામાં ન ફરે. હેન્ડ સેનીટાયઝરનો ઉચિત ઉપયોગ કરે. વારંવાર સાબુથી હાથ ધોતા રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

ડ) ક્લાસ રૂમ્સ, છાત્રાલયો અને પ્રયોગશાળાઓના સેનીટાઈઝેશન બાબતે યથોચિત વ્યવસ્થા કરવાની રહેશે.

ઈ) વિદ્યાર્થીઓએ યુનિવર્સીટી કેમ્પસમાં આઈકાર્ડ પહેરવાનું ફરજીયાત રહેશે

(અમલ: જે તે મહાવિધ્યાલયના આચાર્યશ્રીઓ / અનુસ્નાતક વિદ્યાર્થીઓના મુખ્ય માર્ગદર્શકો / છાત્રાલયોના ગૃહપતિઓ)

મુદ્દા ક્રમાંક: ૨ વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી બાહેંધરી લેવા અંગે....

જ્યારે પણ વિદ્યાર્થીઓને વ્યક્તિગત અને સ્વૈચ્છીક રીતે મહાવિદ્યાલયમાં હાજર થવાનું થશે ત્યારે યુનિવર્સીટી નક્કી કરે તે રીતની પોતાના વાલીની સંમતિ સાથેની લેખિત બાહેંધરી મહાવિધ્યાલયના આચાર્યશ્રીની કચેરીમાં આપવાની રહેશે. જેનું પ્રફોર્મા હવે પછીથી આચાર્યશ્રીની કચેરીને ઈ-મેલથી મોકલવામાં આવશે.

(અમલ: જે તે મહાવિધ્યાલયના આચાર્યશ્રીઓ)

મુદ્દા ક્રમાંક: ૩ દરેક વિદ્યાર્થીઓએ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવા અંગે...

જ્યારે પણ વિદ્યાર્થીઓએ મહાવિધ્યાલયોમાં વ્યક્તિગત રીતે હાજર થવાનું હશે ત્યારે સલામતીના ભાગ રૂપે તેમણે પોતાના સ્માર્ટફોનમાં આરોગ્ય સેતુ એપ ફરજીયાત પણે ડાઉનલોડ કરી સમયાંતરે માહિતી અપડેટ કરતી રહેવાની રહેશે.

(અમલ: જે તે મહાવિધ્યાલયના આચાર્યશ્રીઓ તથા અનુસ્નાતક વિદ્યાર્થીઓના મુખ્ય માર્ગદર્શકો)

મુદ્દા ક્રમાંક: ૪ વિદ્યાર્થીઓને છાત્રાલયમાં રહેવા-જમવાની વ્યવસ્થા બાબત....

છાત્રાવાસ દરમ્યાન રૂમની વ્યવસ્થા અને સંખ્યાને ધ્યાનમાં લઈ, રૂમ દીઠ એક વિદ્યાર્થીને સમાવવામાં આવશે.

વિદ્યાર્થીઓએ જમવા માટે પોતાની જ થાળી, વાટકી, ચમચી, ગ્લાસ જેવી જમવા માટેની જરૂરી વસ્તુઓનો ઉપયોગ કરવાનો રહેશે. મેસ માંથી જમવાનું પોતાના રૂમમાં લઈ જવાનું રહેશે. રસોઈનો બગાડ ન થાય અને સાથે સ્વચ્છતા જળવાઈ રહે તેની અંગત જવાબદારી વિદ્યાર્થીઓની રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને આચાર્ય અને ગૃહપતિ વ્દારા જે તે સમયે જે સુચનાઓ આપવામાં આવે તેનુ ચુસ્તપણે ગંભીરતાથી પાલન કરવાનુ રહેશે. તેનું પાલન ન કરનાર વિદ્યાર્થીઓ સામે જરૂરી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. વિદ્યાર્થીઓ માત્ર શિક્ષણ / સંશોધન / લેબની કામગીરી માટે જ છાત્રાલય છોડી શકશે. તે સિવાય ગૃહપતિની પરવાનગી લીધા વગર વિદ્યાર્થીઓ છાત્રાલય છોડી શકશે નહીં

(અમલ: જે તે મહાવિધ્યાલયના આચાર્યશ્રીઓ તથા છાત્રાલયોના ગૃહપતિઓ)

મુદ્દા ક્રમાંક: ૫ મહાવિધ્યાલયો અને છત્રાલયોના નોટિસ બોર્ડ પર COVID-19 ની સાવચેતીના પગલાંની માહિતી મુકવા બાબત...

તમામ મહાવિધ્યાલયો અને છત્રાલયોમાં COVID-19 ની સાવચેતીના પગલાંની વિસ્તૃત માહિતી દુરથી વાંચી શકાય તે રીતે વિવિધ જગ્યાએ લગાવવામાં આવશે.

(અમલ: જે તે મહાવિધ્યાલયના આચાર્યશ્રીઓ તથા છાત્રાલયોના ગૃહપતિઓ)

મુદ્દા ક્રમાંક: ૬ **વિદ્યાર્થીની તબિયત સારી ન હોય ત્યારે ક્લાસમાં ન આવવા અંગે...**

છાત્રાલયમાં રહેતા કોઈ પણ વિદ્યાર્થીની તબિયત સારી ન હોય ત્યારે તાત્કાલિક રીતે જે તે છાત્રાલયના ગૃહપતિને જાણ કરવાની રહેશે. તદુપરાંત જ્યારે પણ કોઈ વિદ્યાર્થી કોરોનાથી સંક્રમિત હોવાની શંકા જણાય ત્યારે તેમણે અન્ય વિદ્યાર્થીઓથી અલગ થઈ સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ કોરોના સંબંધિત માર્ગદર્શિકાનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(અમલ: જે તે મહાવિધ્યાલયના આચાર્યશ્રીઓ તથા છાત્રાલયોના ગૃહપતિઓ)

પ્રો. એ. એમ. પટેલ, મદદનીશ કુલસચિવ (એકડેમીક) દ્વારા આભાર દર્શન કર્યા બાદ બેઠકને પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

તા.ક.: રોગનો વ્યાપ અચાનક વધતા અને સરકારશ્રીની જાહેરાત મુજબ હાલના તબક્કે અને બીજો આદેશ ન થાય ત્યા સુધી શાળા-કોલેજો ૨૩/૧૧/૨૦૨૦ થી ઑફ-લાઈન ચાલુ કરવાનું મુલ્તવી રાખવાનું મુનાસીબ જણાયેલ છે. પરંતુ ભવિષ્યમાં જ્યારે પણ શાળા-કોલેજો ઑફ-લાઈન ખોલવાનો આદેશ મળે ત્યારે ઉપર મુજબની તૈયારીઓ કરી રાખેલી હશે તો સરળતાથી કામગીરી કરી શકાશે.

જા.નં.નકૃયુ/નિવિક/ટે-૧/૨૨૭૭-૮૨/૨૦૨૦
તા.૨૧/૧૧/૨૦૨૦

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ

નકલ સવિનય રવાના:

૧. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૩. કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

ઈ-નકલ રવાના:

૧. નવસારી કૃષિ યુનિવર્સિટીની તમામ મહાવિદ્યાલયોના આચાર્યશ્રીઓ
૨. ગૃહપતિ/અનુસ્નાતક વિદ્યાર્થીઓના માર્ગદર્શક, મારફત: જે તે મહાવિદ્યાલયના આચાર્યશ્રી, ન.કૃ.યુ., નવસારી